

# નગરમાં મોડી સાંજે હળવું વરસાદી ઝાપટું

**નગરમાં મોડી સાંજે વરસાદી છાંટણાથી ભીંજારો બેવડી ઋતુ વચ્ચે વરસાદની પણ એન્ટ્રી : સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો : ઢળતી સાંજે પવનના સુસવાટા સાથે વરસાદનુ ઝાપટુ : જનઆરોગ્ય પર વિપરિત અસર : વિચિત્ર મોસમથી નગરજનો બેચેન**

ગાંધીનગર તા ૫

શહેરમાં આજે સવારથી આકાશમાં વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. જેના લીધે દિવસ દરમિયાન વાતાવરણમાં ઠંડક રહી હતી જયારે બપોરના તડકા બાદ મોડી સાંજે અચાનક જ ફરી એકવાર મોસમનો મિજાજ બદલાતા ઠંડા પવનના સુસવાટા સાથે વરસાદ ખાબક્યો હતો. વરસાદના લીધે સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો પવનનુ જોર પણ વધુ હોવાથી વરસાદી સાંજથી અષાઢી દ્રશ્યો આંખ સામે સર્જાયા હતા. ઠંડી ગરમીની બેવડી ઋતુની અસર વચ્ચે આમ પણ જનજીવન પ્રભાવિત છે. ત્યારે આજે વરસાદી વાયરાએ નગરજનોને વિચિત્ર મોસમનો અનુભવ કરાવ્યો હતો.

ગાંધીનગરમાં ઉનાળાના પ્રારંભે ગરમીની નિખરતી ઋતુ વચ્ચે આજે અચાનક જ સવારથી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણના લીધે ઠંડક પ્રસરી હતી. ગઈકાલે રાત્રે પણ ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરતા મોસમનો મિજાજ બદલાયો હોવાનો અંદાજ આવી ગયો હતો. જયારે સવારે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા નજરે પડયા હતા. જેના લીધે ગમે ત્યારે વરસાદ આવશે તેવી આશ બંધાઈ હતી. જો કે બપોરના સમયે તડકો નિકળતા વાતાવરણ સામાન્ય થઈ ગયુ હતુ પરંતુ આજે દિવસ દરમિયાન રોજની જેમ આકરો તાપ

● અનુસંધાન પાન-૭ પર

## હવે; પંચાયતીરાજ સંસ્થાઓ સરકાર સામે આંદોલનના માર્ગે

**ગાંધીનગરમાં પંચાયત પરિષદ ખાતે મળેલ પંચાયતોના હોદ્દેદારોની બેઠકમાં જાહેરાત**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકાર પંચાયતીરાજ વ્યવસ્થા સાથે ઓરમાયા સંતાન જેવુ જે વલણ દાખવી રહેલ છે તેનો આજે સખ્ત વિરોધ કરી અને સરકાર સકારાત્મક વલણ દાખવી તેની છીનવી લેવાયેલ સત્તાઓ પાછી આપે તેવી માંગણી કરવામાં આવી હતી.

આ સંદર્ભે આગામી દિવસોમાં રાજ્યભરમાં દેખાવો, ધરણા અને રેલીઓ યોજવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે.

આજે ગાંધીનગર ખાતે પંચાયત પરિષદ ખાતે વિવિધ પંચાયતોના હોદ્દેદારોની જનરલ સભામાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બેઠકમાં હાજર રહેલ તમામ પદાધિકારીઓએ પંચાયોતના પ્રશ્નો અંગે રાજ્ય સરકારનું વલણ હકારાત્મક નથી તેમજ પંચાયતોના કાયદાકીય રીતે પ્રાપ્ત થયેલા અધિકારો રાજ્ય સરકારે પરત લઈ લીધેલ છે તેમજ કાયદાથી વિહીત થયેલ યોજનાઓ અને પ્રવૃત્તિઓ અને કાર્યો અને

● અનુસંધાન પાન-૭ પર

## મેયરે આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ્સ અને શબવાહિની માટે ગ્રાન્ટ ફાળવી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મનપા દ્વારા આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ અને વધુ એક શબવાહિની ખરીદશે.

મેયર રીટાબેન પટેલે તેમના મેયર તરીકે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી આ રકમ ફાળવી તાત્કાલિક આ સુવિધા નગરજનોને ઉપલબ્ધ થાય તે જોવા કમિશ્નરને આદેશ કર્યો છે.

મેયર રીટાબેન પટેલે આ ગ્રાન્ટ તેમને ફાળવવામાં આવેલ ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટમાંથી ફાળવી છે. આ અંગે કમિશ્નરને બે અલગ અલગ પત્રો પાઠવી ગ્રાન્ટ ફાળવણી પણ કરી લીધી છે.

મેયર દ્વારા કરવામાં આવેલ આ બે મહત્વના નિર્ણયની જાણ શહેરીજનોને વાયુવેગે થઈ હતી. શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર તેઓ આગામી દિવસોમાં વધુ ભાર મુકનાર હોવાનું પણ તેમના કાર્યાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## સ્થાયી સમિતિના ચેરમેને કમિશ્નરને પત્ર લખી કોરોના અંગે જાગૃતિ અભિયાન હાથ ધરવા જણાવ્યુ

**સફાઈ કામદારો તેમજ સેગ્રીગેશનની કામગીરી કરતા કામદારોને માસ્ક આપવા ઉપરાંત ભીડભાડવાળા વિસ્તારોમાં માસ્ક ફરજીયાતનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા જણાવ્યુ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ મ્યુનિ. કમિશ્નરશ્રીને એક પત્ર પાઠવી સફાઈ કામદારો તેમજ ડમ્પીંગ સાઈટ પર સેગ્રીગેશનની કામગીરી કરતા કામદારોને તાત્કાલિક માસ્ક પુરા પાડવામાં આવે તે જોવા જણાવ્યુ છે.

કોરોના વાઈરસ અંગે સતર્ક રહેવાની રાજ્ય સરકારે કરેલી જાહેરાતના પગલે સ્થાયી સમિતિના ચેરમેન ચાવડાએ કમિશ્નરને આ અંગે પત્ર પાઠવતાં જણાવ્યુ છે કે જનસંપર્કમાં દૈનિક ધોરણે આવતા તમામ કર્મયોગીઓનો માસ્ક તેમજ સેનેટાઈઝર પુરા પાડવા પણ કહ્યુ છે. તેમણે રાજયના મુખ્ય સચિવ મુકીમે લખેલા પત્રને ટાંકીને આ પત્રમાં આપની શહેરના નોડેલ અધિકારી તરીકે નિયુક્તી કરાઈ છે ત્યારે લોકોમાં જાગૃતિ આવે તેના માટે જરૂરી પગલાં લેવા ભલામણ કરી છે.

બે પાના ભરીને લખેલા આ વિસ્તૃત પત્રમાં ચાવડાએ ભીડભાડવાળી જગ્યાઓએ માસ્ક

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ધોરણ-૧૦, ૧૨ બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

**સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી એમ હાઇસ્કુલમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પરીક્ષાનો પ્રારંભ કરાવ્યો : વિદ્યાર્થીઓને શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપવા જણાંવ્યુ : ધો -૧૦ ગુજરાતીમાં પર્યાવરણ બચાવો અને રાષ્ટીય એકતા અંગે નિબંધ પુછાયો : ધો -૧૦ માં ૬૮૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : પેપર પાઠયપુસ્તક આધારીત : વિદ્યાર્થીઆને સમજાય તેવા પ્રશ્નો પુછાયા પરંતુ છંદ કોર્ષ બહારનો પુછાયો : અંગ્રેજી મીડીયમમાં હાઉડી મોદી અંગે ડાયરી લેખનનો પ્રશ્ન પુછાયો**

ગાંધીનગર તા ૫

આજથી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થયો હતો. સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી એમ હાઈસ્કુલ ખાતે જેવા વિષય અંગે નિબંધો પુછાયા હતા. ધો -૧૦ માં જિલ્લામાંથી ૬૮૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ગુજરાત માધ્યમિક અને હતુ. વિદ્યાર્થીઓને સમજાય તેવા ટેક્ષ આધારિત પ્રશ્નો પુછાયા હતા. આ અંગે કીશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત મગરવાડીયાએ જણાંવ્યા મુજબ જયારે એક ગુણનો છંદ કોર્ષ બહારનો છે. જયારે નિબંધમાં વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો , રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા, પ્રવાસનુ જીવન ઘડતરમાં સ્થાન જેવા વિષય અંગેના નિબંધો પુછાયા હતા. પ્રથમ દિવસે પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓએ શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. જયારે પહેલુ પેપર સરળ નિકળતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

બીજીતરફ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ અંગ્રેજીની પરીક્ષા આપી હતી. જેમાં હાઉડી મોદી અંગે ડાયરી લેખન, મિશન ચંદ્રયાન થ્રી, ઓનલાઈન ઓફલાઈન શોપિંગ વચ્ચેનો તફાવત અહેવાલ લેખન જેવા રસપ્રદ વિષય અંગેના પ્રશ્નો પુછાયા હતા. પરીક્ષાના પ્રારંભે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ

● અનુસંધાન પાન-૭ પર






શિક્ષણમંત્રીએ વિદ્યાર્થીઓને ગુલાબનુ ફુલ આપી સાકર ખવડાવી વિદ્યાર્થીઓનુ મોં મીંઠુ કરાવીને પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે તેમણે વિદ્યાર્થીઓને શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપવા જણાંવ્યુ હતુ. ધો -૧૦ માં ગુજરાતીનુ પેપર સરળ પુરવાર થતા વિદ્યાર્થીઓને હાંશકારો થયો હતો. ગુજરાતીમાં વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો અને રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો-૧૦ ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે ગુજરાતીનુ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તક આધારિત અને સરળ પુરવાર થયુ હતુ. ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૨૫૩૩૮ પૈકી ૨૪૬૫૨ વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૬૮૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગુજરાતીનુ પ્રશ્નપત્ર બલ્યુપ્રિન્ટ આધારિત



## ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મુળતત્વો પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશ

**જિલ્લામાંથી ૬૮૨૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી : ૬૭ ની હાજરી ઘટી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી શરૂ થયેલી પરીક્ષા દરમિયાન ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે બપોરે વિદ્યાર્થીઓએ નામાના મુળ તત્વો વિષયની પરીક્ષા આપી હતી. પરીક્ષામાં જિલ્લામાંથી ૬૮૨૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૬૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. નામાના મુળ તત્વોનુ પેપર પાઠય પુસ્તક આધારિત હતુ. આ અંગે વિષય નિષ્ણાંત માહી કોર્મસ ઝોનના દશરથસિંહ ખેરના જણાંવ્યા મુજબ પેપરમાં બધા જ દાખલાઓ પાઠયપુસ્તકના સ્વાધ્યાય તથા ઉદાહરણ આધારિત હોવાથી જે વિદ્યાર્થીઓએ પાઠયપુસ્તકને મહત્વ આપ્યુ હોય તેમના માટે પેપર તદન સરળ પુરવાર થયુ હતુ. જયારે થિયરી પણ સરળ રહી હતી. આમ ધો -૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો પ્રારંભ શાંતિપુર્ણ માહોલમાં થયો હતો. જયારે પ્રથમ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. નામાના મુળ તત્વો વિષય વિદ્યાર્થીઓ માટે ઘણીવાર અઘરો પુરવાર થતો હોય છે. પરંતુ સરળ પેપરના લીધે વિદ્યાર્થીઓને રાહત થઈ હતી.

## ભૌતિક વિજ્ઞાન વિષયનુ પેપર જેઈઈ - નીટના વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક

**પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત : ૧૩૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : થિયરી પણ ગણતરીવાળી પુછાઇ**

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ભૌતિક વિજ્ઞાન વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. આ પરીક્ષામાં કુલ ૫૮૦૨ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫૬૬૬ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૧૩૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જયારે ભૌતિક વિજ્ઞાનના પેપરમાં એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત ટુંકી ગણતરીવાળા હતા જયારે કોઈપણ પ્રશ્ન વિદ્યાર્થીઆને અટપટો લાગ્યો ન હતો. જેના લીધે સમય મર્યાદામાં વિદ્યાર્થીઓ ઉત્તરો આપી શક્યા હતા. કીશોર ઈન્સ્ટીટુયટના વિષય નિષ્ણાંત બલવંતસિંહ એલ રાજપુતના જણાંવ્યા મુજબ વિભાગ બી માં થિયરી અને દાખલાઓ પુછાયા હતા. થિયરી પણ ગણતરીવાળી વધુ હોવાથી ગુણભાર વધુ રહ્યો હતો. જયારે આ પેપર જેઈઈ અને નીટની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક રહ્યુ હતુ. જયારે સી બી એસ સી આધારિત પાઠયપુસ્તકના લીધે વિદ્યાર્થીઓની પરીક્ષાલક્ષી ઉત્તેજના વધુ રહી હતી. પરંતુ ગત વર્ષની જેમ જ પાઠયપુસ્તક આધારિત પ્રશ્નો પુછાતા વિદ્યાર્થીઓ માટે એકંદરે પેપર સરળ રહ્યુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com